# દેશનો વિકાસદર આઠ ટકાથી વધુ રહેશે

નવી દિલ્હી,તા. ૨૭
સામાન્ય બજેટના એક દિવસ પહેલા આજે નાણામંત્રી અરુણ જેટલીએ વર્ષ ૨૦૧૫-૧૬ માટેનું આર્થિક સર્વે કર્યું હતું. આર્થિક સર્વેમાં ઘણી બધી બાબતો ઉપર પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. આર્થિક સર્વેમાં બિઝનેસ પર્યાવરણને સુધારવા માટે લેવામાં આવેલા પગલાઓને સ્પષ્ટપણે ઉલ્લેખ છે. આ ઉપરાંત આગામી વર્ષોમાં વિકાસદર બે આંકડામાં લઈ જવાની વાતનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આમા જણાવવામાં આવ્યું છે કે, વર્ષ ૨૦૧૫-૧૬ માટે ૮.૫ ટકાથી વધુનો વિકાસદરનો અંદાજ રહેલો છે. આ ઉપરાંત મોટા સ્તરે સુધારાઓની પણ વાત કરવામાં આવી છે. લોકસભામાં રજૂ કરવામાં આવેલા આર્થિક સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, આર્થિક સુધારાઓને આગળ વધારવા, ક્રૂડ ઓઈલની કિંમતમાં ઘટાડો તથા નીતિગત વ્યાજદરમાં કાપના પરિણામ સ્વરુપે દેશના આર્થિક વૃદ્ધિદરને આગામી વર્ષે ૮.૧ ટકાથી ૮.૫ ટકા સુધી રાખી શકાશે. હાલના વર્ષોમાં વિકાસદર બે આંકડામાં જઈ શકે છે. કેન્દ્રીય બજેટથી પહેલા નાણામંત્રી અરુણ જેટલી દ્વારા રજૂ કરવામાં આવેલા આર્થિક સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, વર્ષ ૨૦૧૫-૧૬માં મોનસુન સામાન્ય રહેવાના પ્રભાવથી વિકાસને ગતિ મળશે. ચાલુ નાણાંકીય વર્ષમાં જીડીપી વૃદ્ધિદર ૭.૪ ટકા રહેવાનો અંદાજ છે જે વર્ષ ૨૦૧૩-૧૪ના ૬.૯ ટકાથી વધુ છે. સમીક્ષા મુજબ વર્ષ ૨૦૧૪-૧૫ માટે નવા અંદાજના આધાર પર જીડીપી વૃદ્ધિદર વર્ષ ૨૦૧૫-૧૬માં ૮.૧ ટકાથી ૮.૫ ટકા રહેવાનો અંદાજ છે. આમા



જણાવવામાં આવ્યું છે કે, આવનાર વર્ષોમાં બજાર મુલ્ય જીડીપી વૃદ્ધિદર ૨૦૧૪-૧૫ની સરખામણીમાં ૦.૬ ટકાથી ૧.૧ ટકા વધારે રહેવાનો અંદાજ છે. સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, રાજકીય જનાદેશ અને સારી સ્થિતિના કારણે દેશના આર્થિક વૃદ્ધિદરને બે આંકડામાં લઈ જવાની સ્થિતિ છે. ફુગાવાના દરમાં ઘટાડો થયો છે જેથી વ્યાજદરમાં ઘટાડો થયો છે. મોદીના નેતૃત્વમાં સરકારે ઘણા ક્ષેત્રોમાં પગલા લીધા છે. ડિઝલની કિંમતોને અંકુશમુક્ત કરવા, જુદા જુદા ક્ષેત્રોમાં એફડીઆઈ મર્યાદા વધારવા જેવા પગલા લેવાયા છે. આ આર્થિક સુધારાથી ચિત્ર સારુ દેખાઈ રહ્યું છે. સુધારાને વધારવા માટે જનાદેશની સ્થિતિ છે. મોદી સરકાર મે મહિનામાં યોજાયેલી ચૂંટણીમાં બહુમતિ સાથે સત્તામાં આવી હતી. આર્થિક સર્વેમાં શ્રમ કાયદાઓમાં સુધાર, માળખાકીય સુધારવા ઉપર ભાર મુકાયો છે. સમીક્ષામાં કહેવામાં આવ્યું છે કે, કૃષિ ઉત્પાદનની સ્થિતિ પણ સારી છે.
ચાલુ નાણાંકીય વર્ષ દરમિયાન જીડીપી વૃદ્ધિદર સુધરી શકે છે. સીએસઓના આંકડા મુજબ જીડીપી વૃદ્ધિદર ૭.૪ ટકા રહેવાનો અંદાજ છે. જીએસટી અમલી બનાવવાની હિલચાલ ચાલી રહી છે. મોદી સરકાર આવ્યા બાદ છેલ્લા ૧૦ મહિના દરમિયાન મહત્વપૂર્ણ પગલા લેવાયા છે તેમાં ડિઝલને અંકુશમુક્ત કરવા, સ્થાનિક એલપીજી સબસિડી, પ્રત્યક્ષ ટ્રાન્સફર, સંરક્ષણ અને વિમા ક્ષેત્રમાં વિદેશી મૂડીરોકાણની મર્યાદા વધારવા, કોલસા ક્ષેત્રમાં ખાણની ફાળવણી માટે વટહુકમનો સમાવેશ થાય છે. ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન દેશમાં આર્થિક સ્થિતિ સુધરી છે. આર્થિક સર્વેમાં કહેવામાં આવ્યું છે કે, આગામી બે વર્ષની મધ્યમ અવધિમાં જીડીપી ઉત્પાદનની સરખામણીમાં ત્રણ ટકા રાજકોષિય ખાધ ઉપર અંકુશ મુકવાની વાત કરવામાં આવી છે. ફુગાવાનો દર એપ્રિલથી ડિસેમ્બર દરમિયાન ઘટી રહ્યો છે. સમીક્ષામાં આગામી નાણાંકીય વર્ષ દરમિયાન એટલે કે, નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં ફુગાવો પછી ૫.૫ ટકા રહેવાનો અંદાજ છે. સંસદમાં રજૂ સર્વેમાં કહેવામાં આવ્યું છે કે, ૨૦૨૨ સુધી સોર ઉર્જા મિશન હેઠળ ટાર્ગેટ પાંચ ગણુ વધારીને ૧૦૦૦૦૦ મેગાવોટ કરવામાં આવ્યું છે. આર્થિક સર્વે ઘણી બધી બાબતોને સ્પષ્ટપણે રજૂ કરે છે. ફુગાવાની સ્થિતિમાં સુધાર થયા બાદ રિઝર્વ બેંકે ૨૦૧૫માં પોલિસી રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો જેના કારણે સ્થિતિમાં સુધારો થયો છે. નિરાશા અને અનિશ્ચિતતાના માહોલમાંથી ભારત બહાર આવી રહ્યું છે. ભારતીય વિકાસનો ભાવિ માર્ગ મેક ઈન ઈન્ડિયા અને સ્કીલિંગ ઈન્ડિયા આ બે બાબતો ઉપર આધારિત રહેશે.

## બજેટમાં સામાજિક સેક્ટર યોજના ફાળવણી ઘટી શકે

નવી દિલ્હી,તા. ૨૭
કેન્દ્રિય નાણાંપ્રધાન અરૂણ જેટલી આવતીકાલે ૨૮મી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરનાર છે ત્યારે બજેટને લઈને સામાન્ય જીડીપીમાં સામાજિક કલ્યાણની યોજનાને લઈને ભારે ચર્ચા છે. બજેટમાં સામાજિક સેક્ટરની યોજનાઓમાં ફાળવણીમાં ૨૫-૩૦ ટકા સુધીનો જંગી ઘટાડો કરવામાં આવી શકે છે. નરેન્દ્ર મોદી સરકાર રાજ્યોને વધારે સત્તા આપવા ઈચ્છુક દેખાઈ રહી છે. ભારતના વિકાસમાં રાજ્યોની ભૂમિકા વધારે મજબુત બને તેવી ઈચ્છા મોદી સરકાર ધરાવે છે. કેન્દ્રિય બજેટમાં આનો સંકેત આપવામાં આવી શકે છે. જેના ભાગરૂપે સરકાર ઘણી કેન્દ્રિય પ્રાયોજિત સ્કીમમાં બજેટમાં ૨૫-૩૦ ટકા વચ્ચેનો ઘટાડો કરી શકે છે. રાજ્યોને વધારે સ્વંતત્રતા આપવામાં આવશે. જુદા જુદા મંત્રાલયોના બજેટમાં પણ જંગી ઘટાડો કરવામાં આવી શકે છે. યોજના અને બિન યોજનાખર્ચ વચ્ચેના અંતરને લઈને નવી નિતી જાહેર કરવામાં આવી શકે છે. સામાજિક સેક્ટરને યોજના ફાળવણીમાં કાપ મુકાશે નહી પરંતુ રાજ્યોને આમાં ભૂમિકા અદા કરવા માટે કહેવામાં આવશે. પ્રાપ્ત અહેવાલ મુજબ કૃષિ વિભાગને ૨૫ ટકાથી વધારે અંદાજિત બજેટ કાપનો સામનો કરવો પડી શકે છે. તેનો બજેટ અંદાજ હવે ૨૨૩૦૦ કરોડથી ઘટાડીને ૧૬૬૫૦ કરોડ કરવામાં આવી શકે છે.
જો કે કૃષિ માટે યોજના કદમાં સુધારા કરવામાં આવનાર નથી. જ્યારે માનવ સંશાધન વિકાસ માટે ફાળવણીમાં ૧૨૦૦૦ કરોડનો ઘટાડો કરવામાં આવી શકે છે. ઘણી સામાજિક સેક્ટર સાથે જોડાયેલા મંત્રાલય જેમ કે પીવાના પાણી અને સેનિટેશન, મહિલા અને બાળ વિકાસ, આરોગ્ય, પંચાયતી રાજ તરફ પર વધારે ધ્યાન આપીને ગણતરી કરવામાં આવનાર છે. આવતીકાલે રજૂ થનાર બજેટ પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે.

# જમીન બિલમાં ખામી હશે તો સુધારા કરાશે : મોદી

## સંસદમાં રાષ્ટ્રપતિના ભાષણ પર ચર્ચાનો મોદીએ જવાબ આપ્યો

નવી દિલ્હી,તા. ૨૭
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ દ્વારા બનાવવામાં આવેલા જમીન બિલની પ્રશંસા કરતા કહ્યું હતું કે, કોંગ્રેસે સારી કામગીરી કરી છે પરંતુ અમે તેમા રહેલી ખામીને દૂર કરવા ઈચ્છીએ છીએ. કોંગ્રેસ સરકારની કામગીરીની પ્રશંસા કરતા મોદીએ કહ્યું હતું કે, તેઓ આના માટે કોંગ્રેસને ક્રેડિટ આપે છે. સંસદમાં રાષ્ટ્રપતિના ભાષણ પર ચર્ચાના જવાબમાં મોદીએ કહ્યું હતું કે, જમીન અધિગ્રહણ બિલ પર વિરોધ પક્ષોનો આક્ષેપ આધારવગરના છે. મોદીએ કહ્યું હતું કે, તેમની સરકાર ખેડૂતોના વિરુદ્ધમાં કોઈ કામ કરવા ઈચ્છુક નથી. જમીન બિલ તેમના હિતમાં છે. મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસે જે કર્યું છે તેને અમે નકારતા નથી પરંતુ કેટલીક બાબતો જોડવા માંગીએ છીએ. આની સાથે રાજનીતિ રમવામાં ન આવે. મોદીએ વિપક્ષને અપીલ કરી હતી કે, જ્યારે યુપીએ દ્વારા જમીન બિલ લવાયું હતું ત્યારે ભાજપના લોકો તેમની સાથે હતા. હવે તેમાં કેટલીક ખામી દૂર કરવામાં આવી રહી છે જેથી સાથ આપવામાં આવે તે જરૂરી છે. તેમણે ખાતરી આપી હતી કે, જરૂરી ફેરફાર કરવામાં આવી શકે છે. જો કોઈ ફેરફારની જરૂર છે તો ચોક્કસપણે કરવામાં આવશે. વિપક્ષને કહ્યું હતું કે, આ કામ માટેની ક્રેડિટ પણ તેઓ વિપક્ષને આપશે. મોદીએ ટિકાના અંદાજમાં કહ્યું હતું કે, વારંવાર કહેવામાં આવે છે કે, મનરેગામાં અમે બંધ કરવા જઈ રહ્યા છીએ પરંતુ અમે આને બંધ કરવા જઈ રહ્યા નથી. વિરોધ પક્ષના લોકો તેમના અંગે વારંવાર કોઈપણ ટિપ્પણી કરતા રહે છે પરંતુ વિરોધ પક્ષના સભ્યો પણ માને છે કે, તેમનામાં રાજકીય સમજદારી રહેલી છે. તેમની રાજકીય સમજદારી કહે



છે કે, મનરેગા બંધ થાય તે યોગ્ય નથી. કારણ કે, કોંગ્રેસ સરકારોની નિષ્ફળતાનો આ દાખલો છે. સ્વચ્છતા મિશનનો ઉલ્લેખ કરતા મોદીએ લોકસભામાં કહ્યું હતું કે, મુલાયમસિંહ ગઈકાલે કહી રહ્યા હતા કે, મોદી વારાણસીમાં અસ્સીઘાટ સ્વચ્છ કરવા પહોંચ્યા હતા પરંતુ હજુ સુધી સ્વચ્છતા જોવા મળી નથી. આ અંગે તેમણે કહ્યું હતું કે, આ નિવેદન પર કઈ પ્રકારની પ્રતિક્રિયા આપે તે અંગે સમજાતુ નથી. તેઓ કેન્દ્ર સરકારની નબળાઈ રજૂ કરી રહ્યા હતા કે કે ઉત્તરપ્રદેશની તે વાત સમજાતી નથી. કોંગ્રેસ તરફ ઈશારો કરતા તેમણે કહ્યું હતું કે, વારંવાર કહેવામાં આવે છે કે, અમારી યોજનાઓનું નામ બદલીને રજૂ કરવામાં આવે છે. મુદ્દો એ નથી કે, યોજનાઓનું નામ બદલવામાં આવ્યું છે પરંતુ મુદ્દો સમસ્યાનો છે જેની સાથે સમાધાન જરૂરી છે. વડાપ્રધાને કહ્યું હતું કે, અમે સાથે મળીને કામ કરીએ તો ભ્રષ્ટાચારને પણ દૂર કરી શકાય છે. કોલસાની ખાણને લઈને સીએજીના રિપોર્ટમાં ૧.૮૬ લાખ કરોડનું કૌભાંડની વાત આવી હતી ત્યારે કોઈને વિશ્વાસ થઈ રહ્યો ન હતો. જ્યારે સુપ્રીમે ૨૦૪ ખાણની ફાળવણી રદ કરી ત્યારે તેમાંથી ૧૮ બ્લોકની નવેસરથી બોલી બોલાઈ ચુકી છે. આનાથી એક લાખ કરોડ મળી ચુક્યા છે. તેમણે કહ્યું હતું કે, કેટલીક ખામી બિલમાં રહી છે પરંતુ તેને દૂર કરવામાં આવી શકે છે. ભૂમિ અધિગ્રહણ બિલમાં ખેડૂતોની સામે કોઈપણ બાબત છે તો તેને દૂર કરવામાં આવશે.
મોદીએ એમ પણ કહ્યું હતું કે, કાળા નાણાંને લઈને હાલમાં ભારે ચર્ચા છે. સુપ્રીમ કોર્ટે આના માટે એસઆઈટી બનાવવા માટે કહ્યું હતું. અગાઉની સરકારે આની રચના કરી ન હતી. અમે પહેલી જ કેબિનેટની બેઠકમાં એસઆઈટીની રચના કરી છે. જી-૨૦ની બેઠકમાં બ્લેકમનીનો મુદ્દો સૌથી પહેલા તેઓએ ઉઠાવ્યો હતો. કાળા નાણાંની વાપસીના રસ્તાથી અમે ભટકીશું નહીં પરંતુ આને લઈને બદલાની ભાવનાના આક્ષેપ મુકાય તે યોગ્ય નથી.



યુએસએ કોસ્ટગાર્ડ દ્વારા થીજી ગયેલ ડેલાવેર નદીમાં બરફને તોડવાનું અને જળ માર્ગ સાફ કરવાનું અભિયાન હાથ ધરાયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે હાલ અમેરિકામાં શિયાળો તેની ચરમસીમાએ છે અને તાપમાન અતિશય નીચું જવાથી અનેક નદીઓ, જળાશયો તેમજ ધોધ થીજીને બરફ થઈ જવા પામ્યા છે.

## ભારત-યુએઈની વચ્ચે આજે પર્થમાં રોચક વનડે

પર્થ,તા. ૨૭
પર્થના વાકા મેદાન પર આવતીકાલે આઈસીસી વર્લ્ડ કપમા ગ્રુપ બીની એક મેચમાં ભારત સંયુક્ત અરબ અમિરાત સામે વન ડે રમનાર છે. મોટા ભાગના ક્રિકેટ ચાહકો અને નિષ્ણાંતો માની રહ્યા છે કે ભારતીય ખેલાડીઓના શાનદાર ફોર્મને જોતા આ મેચ એકતરફી બની રહેશે. પરંતુ હાલમાં નવા નવા રેકોર્ડ સર્જાઈ રહ્યા છે તેવી સ્થિતીમાં કોઈ પ્રમાણમાં નબળી ટીમ સામે સ્ટાર ખેલાડીઓ કોઈ નવા રેકોર્ડ કરી શકે છે કે કેમ તેના પર હવે તમામની નજર રહે છે. ભારતે તેની હજુ સુધીની બન્ને મેચો જીતી લીધી છે. જે પૈકી પ્રથમ મેચમાં ૧૫મી ફેબ્રુઆરીના દિવસે ભારતે તેના નજીકના હરિફ પાકિસ્તાન પર અને ૨૨મી ફેબ્રુઆરીના દિવસે દક્ષિણ આફ્રિકા પર શાનદાર જીત મેળવી હતી. બે મોટી ટીમોને હાર આપ્યા બાદ ભારત હવે ફેવરટી છે. પાકિસ્તાન અને દક્ષિણ આફ્રિકા પર જીત મેળવી લીધા બાદ કરોડો ચાહકોની ઉત્સુકતા વધી ગઈ છે. વિરાટ કોહલી, સુરેશ રૈના, મહેન્દ્રસિંહ ધોની, શિખર ધવન અને રહાણે પર તમામની નજર રહેશે. તમામ ખેલાડી શાનદાર ફોર્મમાં દેખાઈ રહ્યા છે. શિખર ધવન છેલ્લે આફ્રિકા સામે શાનદાર સદી કરીને ટીમ મેનેજમેન્ટ અને ખેલાડીઓની ઓપનિંગને લઈને ચિંતા દુર કરી ચુક્યો છે. રોહિત શર્મા હજુ તેની કુશળતા દર્શાવી શક્યો નથી. જેથી તેને ફોર્મ મેળવી લેવાની તક રહેલી છે. પર્થ ખાતે રમાનારી આ મેચને નિહાળવા માટે મોટી સંખ્યામાં ભારતીય ચાહકો પહોંચે તેવી શક્યતા છે. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં બીજી વખત વર્લ્ડ કપનુ આયોજન કરવામાં આવ્યું છે. અગાઉ વર્ષ ૧૯૯૨માં આનુ આયોજન કરવામાં આવ્યું હતુ. વર્તમાન ચેમ્પિયન ભારત ફોર્મ જાળવી રાખવા માટે સજ્જ છે. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં ૨૩ વર્ષ બાદ વર્લ્ડ કપનુ આયોજન કરવામાં આવ્યું છે. ભારત અને યુએઈ વચ્ચે રમાનારી મેચનુ જીવંત પ્રસારણ સવારે નવ વાગ્યાથી દુરદર્શન અને સ્ટાર સ્પોર્ટ્સ પર કરવામાં આવનાર છે. વર્લ્ડ કપની મેચો ૨૯મી માર્ચ સુધી ચાલશે.

**કૃષિ ક્ષેત્રે ખુબ સારા સમાચાર**

## અનાજનું ઉત્પાદન ૨૫૭ મિલિયન ટનથી વધુ હશે

નવી દિલ્હી,તા. ૨૭
આર્થિક સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, કૃષિ ક્ષેત્રમાં સ્થિતિ ખુબ સારી દેખાઈ રહી છે. વર્ષ ૨૦૧૪-૧૫ માટે અનાજનું ઉત્પાદન ૨૫૭.૦૭ મિલિયન ટન રહેવાનો અંદાજ મુકવામાં આવ્યો છે. જે ગયા વર્ષે અનાજના ઉત્પાદન કરતા ખુબ વધારે છે. ગયા વર્ષ કરતા અનાજ ઉત્પાદનમાં ૮.૫ મિલિયન ટનનો વધારો થયો છે. આર્થિક સર્વેમાં સબસિડીને વધુ તર્કસંગત બનાવવાની વાત કરવામાં આવી છે અને જણાવવામાં આવ્યું છે કે, આવા ડોલ્સની અસર ગરીબોના જીવન ધોરણ ઉપર થઈ રહી નથી. સરકાર પ્રાથમિકતાના આધાર પર મહેસુલી રકમ ઉભી કરવા ઉપર ભાર મુકી રહી છે. સુધારાની ગતિ ખુબ ઝડપી આગળ વધી રહી છે. સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, સરકાર ફિસ્કલ ડેફિસિટના ટાર્ગેટને લઈને આશાવાદી છે.

## આર્થિક સર્વેની અસર : સેંસેક્સમાં ૪૭૩ પોઈન્ટનો નોંધપાત્ર ઉછાળો

મુંબઈ,તા. ૨૭
શેરબજારમાં આજે જોરદાર તેજીનું મોજુ ફરી વળ્યું હતું. આર્થિક સર્વે અને બજેટની અપેક્ષાઓને લઈને બજારમાં તેજી રહી હતી. બેંચમાર્ક ઈન્ડેક્સમાં આગઝરતી તેજી રહી હતી. આર્થિક સર્વેમાં જણાવવામાં આવ્યું હતું કે, વર્ષ ૨૦૧૫-૧૬માં ભારતનો જીડીપી વિકાસદર ૮.૧-૮.૫ ટકા વચ્ચે રહી શકે છે. વધુમાં આવતીકાલે રજૂ કરવામાં આવનાર કેન્દ્રીય બજેટ પહેલા માર્કેટ ભાગીદારો દ્વારા જોરદાર લેવાલી જામી હતી. તાતા પાવર અને એલએન્ડટી જેવા શેરમાં પાંચ ટકાથી વધુનો ઉછાળો નોંધાયો હતો. સેંસેક્સને આશરે ૧૦૦ ટકા સુધી ઉપર લઈ જવામાં આ બંનેની ભૂમિકા રહી હતી. આજે સેંસેક્સ ૪૭૩ પોઈન્ટ ઉછળીને ૨૯૨૨૦ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૬૧ પોઈન્ટ ઉછળીને ૮૮૪૫ની સપાટીએ રહ્યો હતો. બે આંકડામાં વિકાસદર પહોંચી શકે છે તેવી વાત કરવામાં આવતા તેજી રહી છે. વર્ષ ૨૦૧૬માં જીડીપી વિકાસદર સાનુકુળ રહી શકે છે. નાણાંકીય વર્ષ ૧૫મા જીડીપી વિકાસદર ૭.૪ રહેવાની વાત કરાઈ છે. આર્થિક સર્વેમાં રેવન્યુ ડેફિસિટને દૂર કરવાની વાત કરાઈ છે જેનું સ્વાગત કરાયું છે. સેક્ટરલ મોરચે બીએસઈ એફએમસીજી સિવાયના તમામ સેક્ટરલ ઈન્ડેક્સમાં તેજી રહી હતી. રિયાલીટી અને કેપિટલ ગુડ્ઝમાં પાંચ ટકાથી વધુનો ઉછાળો રહ્યો હતો. બેંકેક્સ, ઓટો, મેટલ, પાવર અને કન્ઝ્યુમર ડ્યુરેબલમાં બે ટકાથી વધુનો સુધારો રહ્યો હતો. ખાનગી બેંકોના શેરમાં પણ તેજી રહી હતી. પબ્લિક ઓફર માર્કેટે એસબીઆઈને ૧૫૦૦૦ કરોડ ઉભા કરવા માટે શેર ધારકો તરફથી મંજૂરી મળી ગઈ છે. રિયલ એસ્ટેટના શેરમાં પણ તેજી આવી હતી. હાઉસિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં કેટલીક રાહતો નાણાંમંત્રી આવતીકાલે જાહેર કરી શકે છે તેવી અપેક્ષા વચ્ચે બજારમાં તેજી રહી હતી. બ્રોડરમાર્કેટમાં મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં તેજી રહી હતી. આ બંનેમાં ક્રમશઃ ૧.૪-બે ટકા સુધીનો સુધારો રહ્યો હતો. માર્કેટ બ્રીડ્થ તેજીમાં રહી હતી. ૧૮૧૩ શેરમાં તેજી અને ૧૦૬૫ શેરમાં મંદી જોવા મળી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે શેરબજારમાં રેલવે બજેટને લઈને નિરાશા જોવા મળી હતી. કારોબારના અંતે ગઈકાલે સેંસેક્સ ૨૬૧ પોઈન્ટ ઘટીને ૨૮૭૪૭ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૮૩ પોઈન્ટ ઘટીને ૮૬૮૪ની સપાટીએ રહ્યો હતો. કેટલીક મોટી જાહેરાતો ફ્રેટ કોરિડોરના સંબંધમાં કરવામાં ન આવતા બજારમાં નિરાશા ફેલાઈ ગઈ હતી. અન્ય કોપ્લેક્ષ પ્રોગ્રામને લઈને પણ કોઈ જાહેરાત કરાઈ ન હતી. એફડીઆઈ અને પીપીપી ફાયનાન્સના સંદર્ભમાં પણ કોઈ માહિતી આપવામાં આવી ન હતી. આ તમામ કારણોસર નિરાશા જોવા મળી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આવતીકાલે નાણાંમંત્રી અરુણ જેટલી બજેટ રજૂ કરનાર છે તેને લઈને દેશભરની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. શેરબજાર અને અન્ય બજારોની નજર પણ કેન્દ્રિત થઈ ગઈ છે.

## ઈ-કોમર્સ ક્ષેત્રે પાંચ વર્ષમાં ૫૦ ટકાનો વધારો થઈ શકે

નવી દિલ્હી,તા. ૨૭
આર્થિક સર્વેમાં સાફ શબ્દોમાં જણાવવામાં આવ્યું છે કે, ભારતમાં ઈન્ટરનેટની બોલબાલા વધી રહી છે. દેશમાં ઈ-કોમર્સ સેક્ટરમાં આગામી પાંચ વર્ષમાં ૫૦ ટકાનો વધારો થઈ શકે છે. સરકારી દસ્તાવેજમાં ગ્રાહકોના હિતને લઈને આમા ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. સાથે સાથે કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટમાં સુધારાની વાત કરવામાં આવી છે. નાણામંત્રી જેટલી દ્વારા રજૂ કરવામાં આવેલા આર્થિક સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, ઈ-કોમર્સ માર્કેટમાં ૫૦ ટકાનો વધારો થઈ શકે છે. ઈન્ડસ્ટ્રી બોડી ઈન્ટરનેટ એન્ડ મોબાઈલ એસોસીએશન ઓફ ઈન્ડિયાના જણાવ્યા મુજબ ઓક્ટોબર ૨૦૧૪ના આંકડા મુજબ ભારતમાં ઈન્ટરનેટ યુઝરોની સંખ્યા ૨૭૧ મિલિયન છે. ભારતમાં ઓનલાઈન રિટેલ માટે પણ કેટલીક અડચણો રહેલી છે. ઈ-કોમર્સના ગ્રાહકો માટે ગ્રાહક સુરક્ષા પણ મહત્વપૂર્ણ બાબત છે. કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ ૧૯૮૬માં હાલમાં સુધારાના પુરતી જોગવાઈ કરવામાં આવી છે.

## રાહુલ ગાંધીને કોંગ્રેસ પ્રમુખ બનાવાય તેવી પ્રબળ શક્યતા

નવી દિલ્હી,તા. ૨૭
બજેટ સત્રમાં વાદ વિવાદ અને જમીન અધિગ્રહણ બિલને લઈને મચેલા ઘમસાણ વચ્ચે કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી અચાનક રજા પર જતા રાજકીય ગરમી વધી ગઈ છે. રાહુલ ગાંધીને લઈને હાલમાં ભલે હોબાળો થઈ રહ્યો હોય પરંતુ પરંતુ રાહુલ ગાંધીને જ કોંગ્રેસના પ્રમુખ બનાવવા માટેનો તખ્તો તૈયાર કરવામાં આવી રહ્યો છે. રાહુલ ગાંધીને પક્ષ પ્રમુખ



બનાવવા માટેની જાહેરાત કોંગ્રેસના સત્રમાં કરવામાં આવે તેવી શક્યતા છે. તાજેતરના સમયમાં જે રીતે કોંગ્રેસના નેતાઓના નિવેદન સપાટી પર આવી રહ્યા છે તે જોતા કોંગ્રેમાં રાહુલ ગાંધીને પાર્ટી પ્રમુખ બનાવવાને લઈને ભારે ગુચવણભરી સ્થિતી છે. કેટલાક મોટા નેતાઓ રાહુલ ગાંધીને પાર્ટીની જવાબદારી સોંપવાની વાત કરી રહ્યા છે. જો કે રાહુલ હાલમાં એકાએક રજા પર ઉતરી જતા કોંગ્રેસ માટે જટિલ સ્થિતી સર્જાઈ છે. કારણ કે સંસદનુ બજેટ સત્ર હાલમાં ચાલી રહ્યું છે. તમામ નેતાઓ માને છે કે રાહુલની ભૂમિકાને લઈને પાર્ટી અને સામાન્ય લોકો વચ્ચે રહેલા મતભેદો દુર થાય તે જરૂરી છે. પાર્ટીની અંદર એક છાવણી માને છે કે રાહુલ ગાંધીને લઈને દુવિધા વહેલી તકે દુર થાય તે જરૂરી છે. કોંગ્રેસના સિનિયર નેતાઓ હાલમાં નિવેદનો કરી રહ્યા છે. સોનિયા ગાંધી પણ વર્તમાન સ્થિતીને ધ્યાનમાં લઈને રહેવે રાહુલને કેન્દ્રિય ભૂમિકામાં મુકે તે જરૂરી છે. બીજી બાજુ મહાસચિવ દિગ્વિજયસિંહ કહી ચુક્યા છે કે અધ્યક્ષ અને નાયબ અધ્યક્ષ વચ્ચે વૈચારિક અંતર છે. સિંહે આને જનરેશન ગેપના કારણે આને સામાન્ય કારણ ગણાવ્યું છે. વરિષ્ઠ નેતા મણિશંકર અય્યરે કહ્યું છે કે રાહુલ ગાંધીને વધારે સત્તા મળે તે જરૂરી છે. હવે એવો સમય છે કે રાહુલને મોટી જવાબદારી આપી દેવી જોઈએ.

## સમાચાર ઝલક

- તાતા-અદાણી સહિત અમદાવાદ એરપોર્ટના સંચાલન માટે હોડમાં.
- સ્વાઈન ફ્લ્યુ : જનતાને કોઈ જગ્યાએ ભીડ ન કરવા વિનંતી કરાઈ.
- વાડીલાલ (આઈસ્ક્રીમ) એન્ટરપ્રાઈઝમાં ૭૦ કરોડની ઉચાપતની ફરિયાદ.
- આણંદ જિલ્લાના પોલીસ વડા શ્રી અશોક કુમારે દત્તક લીધેલી ૧૦૦ દિકરીઓ સાથે જન્મદિવસ ઉજવાયો.
- વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી શનિ-રવિમાં ગુજરાત-સૌરાષ્ટ્રમાં વરસાદ પડી શકે.
- પોરબંદરમાં ૨૮ મંદિરોમાં ચોરી કરનાર શખ્સ ઝડપાયો.
- ગુજરાતમાં અનાજ તેલીબિયાં-કપાસના ઉત્પાદનમાં ઘટાડો.
- વર્લ્ડ કપ ઈફેક્ટ : મોટી ફિલ્મો રીલીઝ થતા અટકી.
- ફેફસામાં ઈન્ફેક્શન હોય તો લસણ ખાવું જરૂરી છે.
- આજે ડો. સી.વી. રામનની યાદમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવાશે.
- ભારત પર પરમાણુ બોંબ ફેંકી શકે છે પાકિસ્તાન.
- શકિતશાળી મહિલાઓમાં મુકેશ અંબાણીની પુત્રી પણ.